રજુ તારીખ ૦૭/૦૬/૨૦૨૩

દાખલ તારીખ ૦૭/૦૬/૨૦૨૩

ફેસલ તારીખ ૦૧/૦૨/૨૦૨૫
સમયગાળો વર્ષ– માસ – દિવસ

**અમદાવાદના મહેરબાન ૪૧મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. ૫૩૨૬૫/૨૩**
**આંક–૧૦.**

**ફરીયાદી:–** શ્રી સરકાર
(અમીનાબેન વા/ઓ કમાલભાઇ સમસુદીનભાઇ મન્સુરી, ઉવ.પુખ્ત)

**વિરુદ્ધ**

**આરોપી:–** (૧) કમલ સ/ઓ સમસુદીન ગફુર મન્સુરી, ઉવ.પુખ્ત.
રહેવાસી: ગલી નં.૫ હુસેનનગર નરોડા પાટીયા, નરોડા રોડ, અમદાવાદ શહેર.
મુળ રહે: શીતલનગર, ચાર રસ્તા પાસે, શાહી હોટલની સામે, પહેલો માળ, એમ.ટી.એન.એલ રોડ, મીરા રોડ, મુંબઇ,મહારાષ્ટ્ર.
(૨) સમસુદીન ગફુર મન્સુરી.
(સદરહું આરોપી મરણ ગયેલ હોવાથી તેમની સામેની કેસ કાર્યવાહી એબેટ કરવામા આવેલ છે.)
(૩) ફુલીદેવી ઉર્ફે રહેમતબીબી વા/ઓ સમસુદીન ગફુર મન્સુરી, ઉવ.પુખ્ત.
રહે: મ.નં.૧૦૩, ટી–વીંગ, શીતલદર્શન, શીતલનગર ચાર રસ્તા પાસે, શાહી હોટલની સામે, એમ.ટી.એન.એલ રોડ, મીરા રોડ,

મુંબઇ, મહારાષ્ટ્ર.

(૪) સીમાદેવી વા/ઓ મહેશકુમાર નાગુરામ દાસ, ઉવ.પુખ્ત.

રહે: બ્લોક નં. ૧ ઇન્દીરાનગર રોયલ હોટલની પાસે, જુહુ તારા રોડ અંધેરી વેસ્ટ મુબંઇ, મહારાષ્ટ્ર.

**ગુન્હો :- ધી. ઇ. પી. કોડ કલમ: ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૩, ૭ મુજબ.**

ફરીયાદપક્ષ તર્ફે: એપીપીશ્રી પી.એમ. નાંદોલીયા

આરોપીપક્ષ તર્ફે:વિ.વ.શ્રી આર.જી.તલસાણીયા.

**-:ચુકાદો:-**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદી સાથે ના લગ્ન તા.૦૪/૦૫/૨૦૦૮ ના ચારેક દિવસ બાદથી તા. ૦૪/૦૨/૨૦૨૩ ના સમયગાળા દરમ્યાન ફરીયાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરી શારીરિક માનસિક ત્રાસ આપી, દહેજની માંગણી કરી, આરોપી નં. ૧ કમલ નાઓએ અવારનવાર મારઝુડ કરી, બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી આપેલ, આ બનાવ અંગેની જાહેરાત નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ. એ ગુના રજી. નં. ૧૧૧૯૧૦૩૫૨૩૦૨૫૦/૨૦૨૩ થી ગુનો દાખલ થયેલ.

૨. તપાસ કરનાર ધ્વારા તપાસ પુર્ણ થયેથી તહોમતદાર વિરુધ્ધ ઇ.પી.કોડ કલમ: ૪ ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૩, ૭ મુજબનો ગુન્હો આચર્યા સંબંધેનુ ચાર્જશીટ દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર ૫૩૨૬૫/૨૩ થી અદાલતના રજીસ્ટરે દાખલ થયેલ છે. સદર કેસ આગળની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આ અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

૩. તહોમતદારોને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા તહોમતદારો તેમના વિ.વ.શ્રી સાથે અદાલત સમક્ષ ઉપસ્થીત થયેલ અને તહોમતદારોને સી.આર.પી.સી.ની કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો સુપ્રત કર્યાની ખાત્રી કરવામા આવેલ છે. તહોમતદાર નં. ૧ વિરુધ્ધ તહોમતનામુ આંક–૪ થી ફરમાવી, તહોમતદારનુ નિવેદન આંક–૫ મુજબ નોંધેલ છે, જે નિવેદનમા તહોમતદારે તેમની વિરુધ્ધના તહોમતનો ઈન્કાર કરેલ છે. તેમજ આરોપી નં. ૩, ૪ વિરુધ્ધ સી.આર.પી.સી ૨૯૯ મુજબ કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

૪. વધુમા આ કામે પક્ષકારો વચ્ચે ખાનગી રાહે સમાધાન થતા આ કામે સમાધાન પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ, આ કામે તહોમતદાર વિરુધ્ધ ઇ.પી.કોડ કલમ: ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૩, ૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

૫. ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમા નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામા આવેલ છે.

(એ) મૌખીક પુરાવોઓ

| અ.નં. | પુરાવાનું વર્ણન. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અમીનાબેન સમસુદીનભાઇ મન્સુરી ની જુબાની | ૦૭ |

(બી) દસ્તાવેજી પુરાવાઓ

| અ.નં. | પુરાવાનું વર્ણન. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ની ફરીયાદ | ૦૮ |
| ૨ | આરોપી નં.૨ નો મરણ ગયેલ અંગેનો સર્ટીફીકેટ. | ૦૩ |

૬. આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોવા અંગે પુરસીસ રજુ કરેલ છે. આમ, જયારે આ કામે મુખ્ય સાહેદ તપાસાઇ ગયેલ છે અને પુરાવા અધિનિયમની કલમ: ૧૩૪ મુજબ કોઇ હકીકતની સાબીતી માટે સાક્ષીઓની અમુક જ સંખ્યા કોઇ કેસમા આવશ્યક ગણાશે નહી જે અન્વયે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા અંગે પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓનુ ક્રિમી.પ્રોસી. કોડની કલમ:૩૧૩ અન્વયે વિશેષમા નિવેદન નોંધવા નોંધવામા આવેલ છે. ત્યારબાદ, બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૭. ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસના આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્ધા ઉપિસ્થત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, આરોપીએ ફરીયાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરી શારીરિક માનસિક ત્રાસ આપી, દહેજની માંગણી કરી, આરોપી નં. ૧ કમલ નાઓએ અવારનવાર મારઝુડ કરી, બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી આપી, ઇ.પી.કોડ કલમ: ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૩, ૭ મુજબ નો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્ધા ના કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

## -- ન્યાય નિર્ણય માટેનાં કારણો --

૯. ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપી વિરુધ્ધ તહોમતનામા મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે. જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષના શીરે રહેલો હોય છે. તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્માક મુલ્યાંકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઉપર પહોંચવાનુ રહે છે.

૧૦. ઉપરોકત સિધ્ધાંતને લક્ષ્ય પર રાખી હાથ પરના કિસ્સામા રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામા આવે તો ફરીયાદપક્ષ ધ્વારા આંક-૧૦ થી ફરીયાદી સાહેદ અમીનાબેન સમસુદ્દીનભાઈ મન્સુરી ને તપાસવામા આવેલ છે. જેઓએ મુખ્યત્વે તેમની સોગંદ ઉપરની સરતપાસમા જણાવેલ છે કે, બનાવ આજથી આશરે પંદર વર્ષ પહેલા આરોપી નં.૧ સાથે રાજીખુશીથી રીતરીવાજ મુજબ લગ્ન થયેલ અને લગ્ન બાદ આરોપીઓ તેમને શરુઆતમા સારી રીતે રાખેલ અને ત્યારબાદ, અવારનવાર ઘરકામ બાબતે તેઓને સામાન્ય બોલાચાલી અને નાનમોટા ઝઘડાઓ થતા હતા, રોજરોજ થતી તકરારના કારણે તેઓએ આવેશમા આવીને ફરીયાદ આપેલી, ફરીયાદીને ફરીયાદની નકલ બતાવતા તેમા તેમની સહી ઓળખી બતાવે છે, જે બચાવપક્ષની સમંતીથી ફરીયાદની નકલ આંક-૮ થી રજુ થયેલ છે. આમ, આ કામના ફરીયાદી સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ ધ્વારા આ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદ સ્વીકારેલ છે કે, આરોપીઓએ ગાળો બોલી ગડદાપાટુનો માર

મારી ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી, અને તેઓને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ હોય સદરહુ કેસ આગળ ચલાવવો નથી.

૧૧. આ કામે રજુ કરવામા આવેલ ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જણાવેલ છે કે, તેમને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે, તેમને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કાઇ બનેલ નહી, તેઓએ આવેશમા આવીને આ ફરીયાદ કરેલી, આ કામના આરોપીઓએ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ ફરીયાદી સાહેદ કે જે ભોગ બનનાર ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે અને મહત્વના સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જેથી ફરીયાદપક્ષના કેસનુ વજુદ જ ટકી શકતુ નથી. તેમજ ફરીયાદપક્ષ ધ્વારા આંક–૮ થી ફરીયાદ રજુ કરવામા આવેલ છે. પરંતુ, જયારે ફરીયાદીએ જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેવા સંજોગોમા ફરીયાદ ની હકીકત પુરવાર થઇ શકતી નથી. આમ, રજુ થયેલ ફરીયાદ આંક–૮ થી ફરીયાદપક્ષને તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં કોઇ મદદ મળી શકતી નથી.

૧૨. આમ, ફરીયાદી અને સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ આંક–૯ થી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે અને તે રીતે અદાલતના રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તેનાથી ફરીયાદપક્ષ તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવવામા આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## – હુ ક મ –

૧. આ કામનાં આરોપી નં.૧. (૧) કમલ સ/ઓ સમસુદીન ગફુર મન્સુરી, ઉવ.પુખ્ત.નં. (૩) કુલીદેવી ઉર્ફે રહેમતબીબી વા/ઓ સમસુદીન ગફુર મન્સુરી, ઉવ.પુખ્ત. નં. (૪) સીમાદેવી વા/ઓ મહેશકુમાર નાગુરામ દાસ, ઉવ.પુખ્ત.નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ઇ. પી. કોડ કલમ:૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૩, ૭ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. વધુમા તહોમતદારે સી.આર.પી.સી. કલમ:૪૩૭(એ) મુજબ આદેશ કરવામા આવે છે કે, આ કામના તહોમતદારે અપીલ અદાલતમા હાજર રહેવા માટે છ માસના સમય મર્યાદાના રૂા.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમા લખી આપવા.

સદરહુ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૨/૨૦૨૫
સ્થળ:– અમદાવાદ.

(ડો. રાકેશ પરિયાની)
૪૧મા એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર
જી જે ૦૧૨૫૨

આર.ડી. – પી. એ.